

### મેઘરજ તાલુકાના વડથલી ગામે ૨૫ વર્ષીય યુવાનને ડેન્ગ્યુ

મેઘરજ તાલુકામાં ડેંગ્યુ અને સ્વાઈન ફલુ વકર્યો છે. જેને લઈને તાલુકાની પ્રજામાં ભયનો માહોલ સર્જાયો છે ત્યારે મેઘરજ તાલુકાના વડથલી ગામે ૨૫ વર્ષીય યુવાનને સતત તાવ આવતાં મોડાસાની એક ખાનગી હોસ્પીટલમાં સારવાર લઈ રહ્યો હતો. તબીબી પરીક્ષણમાં યુવાનને ડેન્ગ્યુ પોઝીટીવ આવતાં યુવકને અમદાવાદની ખાનગી હોસ્પીટલમાં ખસેડાયો હતો જ્યાં હાલ યુવક સારવાર હેઠળ છે.

### કડી ખાતે શાંતિ સમિતિની બેઠક મળી

મહેસાણા જિલ્લા કલેકટર એચ. કે. પટેલની અધ્યક્ષતામાં કડી મુકામે શાંતી સમીતીની બેઠક યોજવામાં આવેલ હતી. જેમાં મહેસાણા જિલ્લા પોલીસ વડા નિલેષ જાજડીયા, કડીના ધારાસભ્ય કરશનભાઈ સોલંકી, બેચરાજીના ધારાસભ્ય ભરતજી ઠાકોર, જિલ્લા પંચાયતના પુર્વ પ્રમુખ રણજીતસિંહ, ક્ષત્રિય ઠાકોર સમાજના અગ્રણી રામાજી ઠાકોર, વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.



સાબરકાંઠામાં ૧૪ માસની વયની બાળકી સાથે અક્ષમ્ય દુષ્કર્મ આચરનાર આરોપીને ફાંસીની સજા તાકિદે મળે, બાળકીના પરિવાર અને સમાજને ન્યાય મળે તથા આવી બેરહેમ ઘટનાનું પુનરાવર્તન ન થાય તેવી માંગ સાથે ગુજરાત ક્ષત્રીય ઠાકોર સેના અને યુવા ક્ષત્રીય સેના સહિતના સંગઠનોએ મંગળવારે રાત્રે તલોદ ખાતે એક સભા યોજીને સભા સ્થળે જ કેન્ડલ માર્ચનું સમાપન કર્યું હતું.

# ઢુંઢર દુષ્કર્મ કેસનો પડઘો મોડાસાના કાબોલા ગામે ગુરૂકૃપા પેપર મિલમાં પડ્યો

## અરવલ્લી ક્ષત્રિય ઠાકોર સેનાએ પેપરમીલમાં કામ કરતા પરપ્રાંતીયોને હાંકી કાઢવા એકઠા થતા જીલ્લા પોલીસતંત્રમાં દોડધામ

મોડાસા, તા. ૫

હિંમતનગરના ગાંભોઈ નજીક આવેલા ઢુંઢર ગામે આવેલી



૧૪ મહિનાની બાળા પર સીરામીક ફેક્ટરીમાં કામ કરતા પર પરપ્રાંતીય ઈસમે ગુજારતા દુષ્કર્મના પડઘા સમગ્ર ગુજરાતમાં પડી રહ્યા છે. અરવલ્લી જીલ્લાના મોડાસા તાલુકાના કાબોલા ગામે આવેલી ગુરુકૃપા ક્રાફટ મિલમાં શુક્રવારે ક્ષત્રિય ઠાકોર સેના દ્વારા મિલમાં કામ કરતા પરપ્રાંતીય ઈસમોને હાંકી કાઢવાની માંગ સાથે કાબોલા ગામે મોટી સંખ્યામાં કાર્યકરો એકઠા થયા હોવાની જાણ જીલ્લા પોલીસતંત્રને થતા જીલ્લા નાયબ પોલીસે અધિકારી સહીત જીલ્લા એલસીબી, એસઓજી સહીત મોટી સંખ્યામાં પોલીસ ખડકી દઈ ઠાકોર સેનાના કાર્યકરોને સમજાવી ટોળું વિખેરાઈ જતા અનિચ્છનીય ઘટના બનતા અટકી હતી.

ઢુંઢર દુષ્કર્મની ઘટના બાદ ગુજરાતીઓમાં અને ક્ષત્રિય ઠાકોર સેનામાં પરપ્રાંતીયો સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે. એકલ-દોકલ પરપ્રાંતીઓ સાથે હાથાપાઈ પણ કરવામાં આવી હોવાની સાથે પરપ્રાંતીઓને રોજગારી પૂરી પાડાતાં એકમો પર ક્ષત્રિય ઠાકોરસેના દ્વારા પરપ્રાંતીયોને ગુજરાતમાંથી તગેડી મુકવાની માંગ સાથે હલ્લાબોલ પણ કરવાની સાથે તોડફોડ પણ કરવામાં આવી રહી છે. અરવલ્લી-સાબરકાંઠામાં વસવાટ કરતા કેટલાક પરપ્રાંતીય પરિવારો ઉકળતો ચરૂ જેવો માહોલ નિહાળી વતનની વાત પકડી લીધી છે. ત્યારે કેટલાક લોકો દ્વારા પરપ્રાંતીય લોકોને ગુજરાતમાંથી હાંકી કાઢવા અને દીકરીને ન્યાય અપાવવાની માંગ સાથે સોશ્યલ મીડિયામાં મેસેજ ફરી રહ્યા હોવાથી જીલ્લા પોલીસતંત્રમાં ભારે દોડધામ મચી છે.

મોડાસા-હિંમતનગર રોડ પર કાબોલા ગામની સીમમાં આવેલી ગુરુકૃપા ક્રાફટ પેપરમીલમાં ૨૦૦૦થી વધુ પરપ્રાંતીયો કામ કરતા હોવાના મેસેજ સોશ્યલ મીડિયામાં વાઈરલ થયા બાદ શુક્રવારે ઠાકોર સેના દ્વારા પેપરમીલમાંથી પરપ્રાંતીયોને હાંકી કાઢવા એકઠા થતા પેપર મીલના માલિકો અને પરપ્રાંતીયોના જીવ પડીકે બંધાયા હતા. માહોલમાં



તંગદિલી ફેલાય તે પહેલા મોટી સંખ્યામાં પોલીસ કાફલો પહોંચી જતા અને પોલીસતંત્ર દ્વારા સુલેહપૂર્વક ઠાકોરસેનાના અગ્રણીઓ અને કાર્યકરોને સમજાવતા મામલો થાળે પડતા જીલ્લા પોલીસતંત્ર દ્વારા રાહતનો શ્વાસ લીધો હતો.

# પ્રાંતિજ પાલિકાની બેવડી નિતિ "કરે કોઈ ને ભોગવે કોઈ"

## લારીઓ પાથરણાવાળા રોડ ઉપર જીવના જોખમે ધંધો કરે છે : મોટા વેપારીઓ તથા પાલિકા શોપીંગમાં જ શરત ભંગ, પાલિકા પાણીમાં બેઠી

પ્રાંતિજ, તા. ૫

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે દબાણને લઈને અનેકવાર નગરજનો દ્વારા રજુઆત બાદ



પ્રાંતિજ પાલિકાએ લાલ આંખ કરી હતી પણ લારી. ગલ્લાં, પાથરણાવાળાઓને હટાવી બજારમાં દબાણ ખુલ્લુ તો કર્યું પણ ખરેખર દબાણ કરતાં છે તેવો સામે પાલિકાએ નમતું જોખતા હાલ પાલિકાની આ 'બેવડી નિતિ'ને લઈને નગરજનોમાં રોષ જોવા મળ્યો છે.

પ્રાંતિજ ખાતે દબાણને લઈને છેલ્લા એક મહિનાથી પ્રાંતિજ બજારમાં આવેલ લારી પાથરણાવાળાને બજારમાંથી હાંકી કાઢવામાં આવ્યા છે તો બીજી તરફ ખરેખર જેને કાયમી દબાણ કર્યું છે તેવા દબાણ કરતા વેપારીઓને નોટીસો આપ્યાં પછી પણ પાલિકાની છત છાયાથી તેવા વેપારીઓ સામે આજદિન સુધી કોઈજ કાર્યવાહી થઈ નથી તો બીજી તરફ કેટલાક નાના વેપારીઓને નોટીસ મળતાંજ દુકાનો આગળ છત બોડ સહિત હટાવી દીધા છે. કેટલાંક મોટા ગજાના વેપારીઓને નોટીસ આપ્યાને સમય વિતિ ગયો છતાં પાલિકાને પાલિકા દ્વારા નોટીસ આપે ને સમય વિતિ ગયો છતાં પાલિકા દ્વારા બીજી વાર તે તરફ ફરીવાક ડોકયુ પણ કર્યું નથી તો બીજીબાજુ પ્રાંતિજ નગર પાલિકાના પોતાના જ બે શોપીંગમાં દુકાન માલિકો દ્વારા શરત ભંગના નિયમોને નેવે મુકીને પાલિકાની દુકાનોમા તોડફોડ સહિતની શરતોનો ભંગ કરવા છતાં પ્રાંતિજ નગરપાલિકા દ્વારા આવા વેપારી સામે કોઈજ કાર્યવાહી ના કરવામાં આવતાં પ્રાંતિજ નગરપાલિકા સામે હાલ તો લેતી દેતીના આક્ષેપો થઈ રહ્યા છે. બીજીબાજુ જે લારીઓ અને પાથરણાવાળાને બજારમાંથી ભાખરીયા બસ સ્ટેન્ડ કે રેલવે સ્ટેશન તલોદ રોડ ઉપર ઉભા રહેતાં હાલ અકસ્માતનો ભય સેવાઈ રહ્યો છે અને ગમે ત્યારે કોઈ ભી સમયે ભારે વાહનની ટકકરથી પાથરણા કે લારીવાળાઓને મોતને ભેટે તો નવાઈ નહીં. બીજી બાજુ ફ્રુટની લારીઓ દિવસ દરમ્યાન મેન રોડ ઉપર ઉભી થઈ જતાં હાલ ખુલ્લા ફ્રુટ ઉપર ધૂળ, ડસ્ટ, ધૂળ રજકણો ઉડે છે અને તે નગરજનોના સ્થાવસ્થ માટે હાનિકારક છે ત્યારે પાલિકા દ્વારા લારીપાથરણાવાળાઓ સામે પણ થોડું નમતું જોખી તેવોને કામમી વ્યવસ્થા જગ્યા બજારમાંજ ફાળવવામાં આવે તેવી પણ હાલ માંગ ઉઠવા પામી છે. તો બજારનાં દબાણ કરતાંઓ મોટા વેપારીઓ સામે પણ તાત્કાલિક ધોરણે એક્શન લેવામાં આવે તથા શરત ભંગ કરતા વેપારીઓ સામે શરત ભંગના નિયમો મુજબ જ ઝડપી કાર્યવાહી હાથ ધરવામાં આવે તેવી નગરજનોની હાલ તો માંગ ઉઠવા પામી છે.

# અરવલ્લી જિલ્લા કલેક્ટર કચેરી ખાતે ભેમપુર ગ્રામજનોના સામુહિક આત્મ વિલોપનના પ્રયાસથી ચકચાર

## મોડાસા ટાઉન પોલીસે ૨ મહિલા અને ૩ પુરૂષની અટકાયત કરી

મોડાસા, તા. ૫

અરવલ્લી જીલ્લાના માલપુર તાલુકાના ભેમપુર ગામના ગ્રામજનો દ્વારા દૂધ મંડળી માટે



જમીન ફાળવવા માટે જે તે સમયે સાબરકાંઠામાં સમાવેશ થતો હતો ત્યારે વારંવાર વહીવટીતંત્રમાં રજુઆત કરતા જીલ્લા વિકાસ અધિકારી એમ.નાગરાજને ગામતળમાં ૬૫ ચોરસ મીટર જમીન માટે ફાળવણી કરી હતી પરંતુ ગામના રહીશે સદર જમીન પર તારની વાડ તાણી બાંધી ગેરકાયદેસર કબ્જો જમાવતા દૂધ મંડળીનું મકાન બાંધી ન શકતા આખરે વારંવાર રજુઆત કરવા છતાં યોગ્ય નિકાલ ન થતા ગ્રામજનો દ્વારા પ્લાસ્ટિકની કોથળીમાં સંતાડીને કેરોસીન લઈ પહોંચી આત્મવિલોપનનો નિષ્ફળ પ્રયાસ કરતા ભારે દોડધામ મચી હતી. સામુહિક આત્મવિલોપનની ઘટનાના પગલે મોડાસા ટાઉન પોલીસ કલેક્ટર કચેરીએ પહોંચી ૨ મહિલા અને ૩ પુરુષની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. જીલ્લા કલેક્ટરે ગ્રામજનોને સમજાવી યોગ્ય કાર્યવાહી કરવાની હૈયાધારણા આપી હતી.

માલપુર તાલુકાના ભેમપુર ગામે ૫૦ સભાસદોની ચાલતી દૂધ મંડળી માટે દૂધ ડેરી બનાવવા માટે પશુપાલકોની વર્ષોથી માંગણી હતી તે મુજબ જે તે સમયે હાલના જિલ્લા કલેક્ટર અને એ સમયના સાબરકાંઠા જિલ્લા વિકાસ અધિકારી એમ. નાગરાજને ગામતળના ક વિભાગમાં ૬૫ ચોરસ મીટર જમીનની સનદ આપી હતી પરંતુ આ જમીનમાં ગામના રહીશે તારની વાડ કરીને દબાણ કરેલ હતું જેને કારણે આ સ્થાન પર હજુ સુધી દૂધ મંડળીનું મકાન બની શક્યું નથી. હાલ ગામના દૂધ ઉત્પાદકો મંદિરમાં દૂધ ભરવા જાય છે. કોઈને કોઈ કારણોસર દબાણ દૂર ના થતું હોઈ ગ્રામજનોએ આજે અરવલ્લી જિલ્લા કલેક્ટર કચેરીમાં પ્લાસ્ટિકની કોથળીમાં કેરોસીન ભરી અને કલેકટરની ચેમ્બર આગળ હલ્લાબોલ કરી આત્મવિલોપનનો પ્રયાસ કર્યો હતો પરંતુ મોડાસા ટાઉન પીઆઈ અને



પોલીસ સ્ટાફ ઘટના સ્થળે આવી. આત્મવિલોપનનો પ્રયાસ નિષ્ફળ બનાવ્યો હતો અને જિલ્લા કલેક્ટર દ્વારા ગ્રામજનો સાથે સમજાવટ કરી દૂધમંડળી માટે યોગ્ય જગ્યા ફાળવી આપવાની ખાતરી આપી હતી.

# સાબરડેરીની ચૂંટણી જનરલ કરવા હાઈકોર્ટનો આદેશ

હિંમતનગર, તા. ૫

સાબરડેરીના નિયામક મંડળની ચૂંટણી કેવી રીતે કરવી જોઈએ તે અંગે ઉભા થયેલા વિવાદ બાદ તલોદ તાલુકાની એક મંડળીના ચેરમેને ખાસ્સા સમય અગાઉ હાઈકોર્ટમાં રીટ કરી હતી. જેની સુનાવણી ત્રણ માસ અગાઉ પૂર્ણ થયા બાદ ચુકાદો મુલ્તવી રખાયો હતો. દરમ્યાન આ કેસનો ચુકાદો શ્રાધ પક્ષના શુક્રવારે જાહેર થયો છે. સાબરડેરીની ચૂંટણી વિભાગવાર એટલે કે જનરલ પદ્ધતીથી કરવાના આદેશ થયા છે. તે અંગે વહીવટીતંત્ર શક્યતઃ આગામી અઠવાડીયામાં જાહેરનામુ પ્રસિદ્ધ કરશે.

આ અંગે સાબરડેરીના સુત્રોમાંથી મળતી માહિતી મુજબ છેલ્લા કેટલાંક વર્ષોથી સાબરડેરીના નિયામક મંડળની ૧૬ બેઠકોની ચૂંટણી અંગે થયેલા વિલંબને કારણે જિલ્લાના દૂધ ઉત્પાદકોમાં અનેક ચર્ચાઓ શરૂ થઈ હતી. ત્યારબાદ ખાસ્સા મહીનાઓ અગાઉ સાબરડેરીની ચૂંટણી જનરલ કરવા માટે તંત્રએ જાહેરનામુ બહાર પાડીને ઉમેદવારીપત્રો ભરાવવાનું શરૂ કરી દીધુ હતુ. પરંતુ આ ચૂંટણી તાલુકાવાર થવી જોઈએ તેવી માંગ ઉભી થઈ હતી.

જેના ભાગરૂપે તલોદ તાલુકાના કઠવાવડી દૂધમંડળીના ચેરમેને હાઈકોર્ટમાં રીટ કરી મનાઈ હુકમ માંગતા ચૂંટણીની તમામ પ્રક્રિયા મુલ્તવી રાખવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે ગત તા. ૨૪ જુન રોજ હાઈકોર્ટમાં ચીફ જસ્ટીસ સુભાષ રેડ્ડી તથા વિપુલભાઈ પંચોલીની ડબલ બેચમાં કેસની દલીલો અરજદારના વકિલ તથા સરકારી વકીલની ઉપસ્થિતિમાં સુનાવણીનું કામ આટોપી લેવામાં આવ્યું હતું. પરંતુ તેના ચુકાદો જાહેર કરાયો ન હતો.

બીજી તરફ શ્રાધ પક્ષમાં અચાનક શુક્રવારે હાઈકોર્ટના ડબલ બેચના બંને ન્યાયાધિશોએ સાબરડેરીની ચૂંટણી અગાઉની જેમ પદ્ધતી મુજબ જનરલ રીતે કરાવવાની રહેશે તેવો આદેશ કરતા જિલ્લાના સહકારી રાજકારણમાં ચહલપહલ શરૂ થઈ છે. જેથી હવે સ્પષ્ટ થઈ ગયુ છે કે સાબરડેરીની ૧૬ બેઠકો પર ચૂંટણી લડતા ઉમેદવારોએ સાબરકાંઠા અને અરવલ્લીના સત્તાવાર મતદારોનો સંપર્ક કરવો પડશે. તથા મતદારોએ પણ ૧૬ મત આપવા પડશે.

### જાહેરનામા પર સહકારી અગ્રણીઓની મીટ

અગાઉ જ્યારે સાબરડેરીની ચૂંટણી યોજવા માટે પ્રસિદ્ધ કરાયેલા જાહેરનામા મુજબ ઉમેદવારીપત્રો ભરવાના અંતિમ દિવસે ચૂંટણી પર આવેલા મનાઈ હૂકમને કારણે તમામ કામગીરી અટકાવી દેવાઈ હતી. જેથી હવે પછી થનારી આ ચૂંટણીમાં અગાઉ થયેલી પ્રક્રિયાને યથાવત રાખી આગળની કામગીરી કરવી પડશે. અથવા તો નવેસરથી ઉમેદવારીપત્રો ભરવાના રહેશે. તેના પર હવે પછી પ્રસિદ્ધ થનારા જાહેરનામાં પર મદાર રાખ્યા સિવાય છુટકો નથી.

### જિલ્લાના ૯૧૬ મતદારો મતદાન કરશે

આગામી દિવસોમાં યોજાનાર સાબરડેરીના નિયામક મંડળની ૧૬ બેઠકો માટે સાબરકાંઠા તથા અરવલ્લી જિલ્લાના મળી ૯૧૬ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે.

# પાલનપુરમાં બીલ વગરના મોબાઈલ સાથે એકની અટકાયત

## ૧.૭૦ લાખની કિંમતના બાવન મોબાઇલ કબજે લેવાયા

પાલનપુર, તા.૫

પાલનપુર રેલવે સ્ટેશન રોડ નજીક આવેલી એક મોબાઈલની



દુકાનમાં પૂર્વ પોલીસની ટીમે ગુરૂવારે રાત્રે ઓચિંતી તપાસ હાથ ધરી હતી. જ્યાંથી બીલ વગરના રૂપિયા ૧.૭૦ લાખના બાવન મોબાઈલ ફોન મળી આવતાં વેપારી સામે કાયદેસરની કાર્યવાહ હાથ ધરતાં ચકચાર મચી જવા પામી છે.

પાલનપુરમાં ચકચાર મચાવનારી ઘટનાની વિગતો એવી છે કે, બનાસકાંઠા જિલ્લા પોલીસવડા પ્રદિપ સેજુળની સૂચનાથી પૂર્વ પોલીસમથકના પીઆઈ પી. એચ. વસાવાએ સ્ટાફના એએસઆઈ રઘુવીરસિંહ, અહેકો રમેશસિંહ, અપોકો ચિરાગસિંહ, કનકસિંહએ ગુરૂવારે રાત્રે પાલનપુર રેલવે સ્ટેશન રોડ નજીક આવેલા ભગવતી કોમ્પલેક્ષની ભવાની મોબાઈલની દુકાનમાં તપાસ હાથ ધરી હતી. જ્યાંથી રૂપિયા ૧,૭૦,૫૦૦ના આધાર કે બીલ વગરના ૫૨ મોબાઈલ ફોન મળી આવ્યા હતા. આ અંગે પાલનપુર કોલેજ કંમ્પાઉન્ડ રિધ્ધિ- સિધ્ધિ સોસાયટીમાં રહેતા અશોકભાઈ જેઠાનંદભાઈ ગાજવાણી (સિંધી)ની અટકાયત કરી સીઆપીસીની કલમ મુજબ ગૂનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# મોડાસાના નવા ગામે વિવિધ ૨૫ જેટલા લોક પ્રશ્નોનો નિકાલ કરાયો

## જિલ્લા કલેકટરના રાત્રી રોકાણ કાર્યક્રમમાં પીવાનું પાણી, રસ્તા, જમીન રીસર્વે, આરોગ્ય સહિતના પ્રશ્નો રજૂ કરાયા

અરવલ્લી જિલ્લામાં મોડાસા તાલુકાનાં નવા (દાવલી) ગામે જિલ્લા કલેકટરના રાત્રી રોકાણ કાર્યક્રમ દરમિયાન જનકલ્યાણના વિવિધ ૨૫ જેટલા પ્રશ્નોનું સ્થળ ઉપર જ નિરાકરણ લાવવામાં આવ્યું હતું.

જિલ્લાના વહીવટી તંત્રના અધિકારીઓ સાથે ગત રાત્રી રોકાણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલા જિલ્લા કલેકટર એમ. નાગરાજન સમક્ષ દાવલી પંચાયતના સરપંચ જયેશભાઈ પટેલ ઉપરાંત આ




વિસ્તારના જિલ્લા સદસ્યા કમળાબેન દિનેશભાઈ પરમાર ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમમાં સરપંચ તેમજ પંચાયતના જુદા જુદા ગામોમાંથી મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલા આગેવાનો, નાગરિકોએ જિલ્લા કલેકટર એમ.નાગરાજન સમક્ષ રજુ થયેલા પીવાનું પાણી, આરોગ્ય, રસ્તા, જમીન રીસર્વે સહિતના ૨૫થી વધુ લોક પ્રશ્નોનો સ્થળ ઉપર જ નિકાલ કરવામાં આવ્યો હતો.

# કિશનગઢ ગામના બંધ મકાનમાંથી પોલીસે પેટ્રોલીંગ દરમિયાન વિદેશી દારૂ ઝડપાયો

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના કિશનગઢ ગામના સીમ વિસ્તારમાં આવેલ એક બંધ જુના મકાનમાંથી પોલીસ પેટ્રોલીંગ દરમ્યાન રૂ.૮૯,૭૦૦/-નો વિદેશી દારૂ ઝડપાયો હતો. પોલીસએ વિદેશી દારૂનો મુદ્દામાલ કબજે લઈ ધારાધોરણ મુજબની સઘન કાર્યવાહી હાથ ધરી હતી.દેશી-વિદેશી દારૂના ધંધા સાથે સંકળાયેલા ઈસમોમાં ભારે ફફડાટ ફેલાયો છે. પોલીસ પેટ્રોલીંગ દરમ્યાન બાતમીના આધારે ભિલોડા તાલુકાના ઘાંટી ગામના રહેવાસી ભાવેશભાઈ સીતાપભાઈ બરંડાએ કિશનગઢ ગામમાં એક જુના બંધ મકાનમાં વિદેશી દારૂનો જથ્થો સંતાડીને મુકેલો હતો. પોલીસએ બંધ મકાનનું તાળુ તોડી અંદર પ્રવેશ કરી વધુ તપાસ હાથ ધરતાં અલગ-અલગ બ્રાન્ડની વિદેશી દારૂની બોટલો, ટીન બોટલ નંગ ૪૧૬ કુલ મુદ્દામાલની અંદાજીત કિંમત રૂા.૮૯,૭૦૦/-નો વિદેશી દારૂનો જથ્થો પોલીસ ધ્વારા ઝડપાયો હતો. પરપ્રાંતિય વિદેશી દારૂનો જથ્થો કિશનગઢ ગામમાં એક બંધ મકાનમાં ભરનાર ઈસમ ઘાંટી ગામના ભાવેશભાઈ સીતાપભાઈ બરંડા વિરૂધ્ધ પોલીસે તપાસ હાથ ધરી છે.